E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 10 * Issue No. 341 *Date: 01.10.2024,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## અમિત શાહના ખડગે પર પ્રહાર:શાહે કહ્યું- ખડગેજી હું પ્રાર્થના કરું છું તમે લાંબુ જીવો અને વિકસિત ભારત બનતા જુઓ




ગૃહમંત્રી અમિત શાહે સોમવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના મોદી પરના નિવેદન પર નિશાન સાધ્યું હતું. શાહે કહ્યું, "કોંગ્રેસ અધ્યક્ષ તેમની પાર્ટીના નેતાઓ કરતાં વધુ શરમજનક નિવેદનો આપે છે. અમારી પ્રાર્થના છે કે તેઓ ઘણા વર્ષો સુધી જીવે અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત જોવે."ખરેખરમાં, કઠુઆમાં એક રેલી દરમિયાન ૮૩ વર્ષીય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની તબિયત લથડી હતી. બાદમાં તેમણે કહ્યું કે જ્યાં સુધી મોદીને હટાવવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ જીવિત રહેશે.?શાહે લખ્યું - "ગઈકાલે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમના ભાષણમાં તેમના નેતાઓ અને તેમની પાર્ટી કરતા વધુ ખરાબ અને શરમજનક વાત કરી હતી. તેમણે પોતાની કડવાશ દર્શાવતા કારણ વગર પીએમ મોદીનું નામ તેમના અંગત સ્વાસ્થ્યના મામલામાં ઢસડ્યું અને કહ્યું કે તેઓ પીએમ મોદીને સત્તા પરથી હટાવ્યા પછી જ મરીશ. આ દર્શાવે છે કે આ કોંગ્રેસીઓને પીએમ મોદી પ્રત્યે કેટલી નફરત અને ડર છે. તેઓ પળે પળ તેમના વિશે જ વિચાર્યા કરે છે. જ્યાં સુધી શ્રી ખડગેના સ્વાસ્થ્યની વાત છે, તો મોદીજી અને હું પ્રાર્થના કરીએ છીએ, અમે બધા પ્રાર્થના કરીએ છીએ કે તેઓ લાંબુ જીવે અને સ્વસ્થ રહે તેમજ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત જોવે."૨૯ સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસ અધ્યક્ષ ખડગે જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં એક રેલીને સંબોધન કરતી વખતે સ્ટેજ પર બેભાન થઈ ગયા હતા. ખડગે ૨૮ સપ્ટેમ્બરે કઠુઆમાં માર્યા ગયેલા કોન્સ્ટેબલને શ્રદ્ધાંજલિ આપી રહ્યા હતા ત્યારે તેમની તબિયત લથડી હતી.

ભાષણ આપતી વખતે ખડગે બોલતા બોલતા અટકી ગયા અને અચાનક તેઓ બેભાન થઈ ગયા. જેના કારણે ભીડમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્ટેજ પર ઉભેલા લોકોએ તેમને ટેકો આપીને બેસાડ્યા હતાસ્વસ્થ થયા બાદ ખડગે સ્ટેજ પર પાછા આવ્યા અને કહ્યું - હું ૮૩ વર્ષનો છું, પણ હું આટલી જલદી મરવાનો નથી. જ્યાં સુધી મોદીને હટાવવામાં નહીં આવે ત્યાં સુધી હું મરીશ નહીં. હું તમારી વાત સાંભળતો રહીશ. જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની વાત કરતો રહીશ.જમ્મુ-કાશ્મીરમાં આવતીકાલે મતદાનનો છેલ્લો દિવસ છે. ત્રીજા તબક્કામાં મંગળવારે ૭ જિલ્લાની ૪૦ વિધાનસભા બેઠકો પર મતદાન થશે. જેમાં ૩૯.૧૮ લાખ મતદારોનો સમાવેશ થશે. છેલ્લા તબક્કાની ૪૦ બેઠકોમાંથી ૨૪ જમ્મુ વિભાગની અને ૧૬ કાશ્મીર ઘાટીની છે.

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. ૨૦૧૪ની ચૂંટણીમાં પીડીપીને સૌથી વધુ ૨૮ અને ભાજપને ૨૫ બેઠકો મળી હતી. બંને પક્ષોએ સાથે મળીને સરકાર બનાવી હતી.

## દહેગામ એસટી ડેપોથી ગાંધીનગર આવવા બસોનાં અભાવથી મુસાફરો ત્રાહિમામ, ડેપો મેનેજરે કહ્યું- રોજ ૫૫ ટ્રીપો દોડી રહી છે



દહેગામથી ગાંધીનગર અભ્યાસ અર્થે મોટી સંખ્યામાં વિદ્યાર્થી અને મુસાફરોની આવતા જતા હોવા છતાં એસ.ટી તંત્ર દ્વારા બસોની સંખ્યા વધારવામાં આવતી નથી. આ રોજીંદી સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઉઠેલા વિદ્યાર્થી સહીતના મુસાફરોએ અનેક રજૂઆતો કરવા છતાં નિરાકરણ લાવવામાં આવતું નથી. ત્યારે રોજીંદી ૫૫ ટ્રીપો દોડતી હોવાનું જણાવી આજે પણ એકસ્ટ્રા સ્લીપર બસ મૂકવામાં આવી હોવાનો ડેપો મેનેજર દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે.

દહેગામથી ગાંધીનગર આશરે ૧૦૦૦ થી વધુ પેસેન્જર હોવા છતાં બસોની સંખ્યામાં વધારો કરવામાં આવતો નથી. દહેગામ થી ૯ વાગે ઉપડતી બસોમાં ૫૬ સીટ હોવા છતાં ૧૦૦ થી વધુ લોકો મુસાફરી કરતા હોય છે. મુસાફરોએ આ બાબતે એસ.ટી તંત્રને અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. છતાં એસ.ટી તંત્રના પેટનું પાણી હલતું નથી. જેનાં કારણે મુસાફરોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે વિદ્યાર્થીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દહેગામ ડેપોથી સવારે ૯ થી ૧૦ દરમ્યાન દહેગામ ડેપોની ૫ થી વધુ બસો દોડાવવામાં આવે તો મુસાફરો અને વિદ્યાર્થી તેમજ કર્મચારીઓને રાહત થાય એમ છે. તેમ છતાં દહેગામ ડેપો દ્વારા માત્ર ૨ બસો દોડાવી ઓવરલોડ પેસેન્જરોને બેસાડવામાં આવી રહ્યા છે. જો કોઈ દુર્ઘટના સર્જાય તો એના માટે કોણ જવાબદાર રહેશે.વધુમાં વિદ્યાર્થીઓએ ઉમેર્યું હતું કે, આ સમસ્યાના નિરાકરણ માટે દહેગામ ડેપો મેનેજર તેમજ સીએમ પોર્ટલ ઉપરાંત વાહન વ્યવહાર મંત્રીને પણ રજૂઆત કરેલી છે. છતાં એસ.ટી તંત્ર ઘોર નિંદ્રામાં હોય એવું લાગી રહ્યું છે. બસમાં વધુ મુસાફરો ભરવાના કારણે મહિલાઓની સુરક્ષા સામે પણ અનેક સવાલ ઊભા છે. આજે પણ ડેપો મેનેજરને આ બાબતે રજૂઆત કરવામાં આવી છે.બીજી તરફ દહેગામ ડેપો મેનેજર રીટાબેન દરજીએ જણાવ્યું હતું કે, દહેગામ ગાંધીનગર વચ્ચે રોજની બસની ૫૫ ટ્રીપો છે. સવારના સમયે શિડયૂલ મુજબ બસો દોડતી હોય છે. પરીક્ષાના કારણે એકાદ મહિનાથી સ્ટુડન્ટ્સ ની સંખ્યામાં વધી ગયો છે. જેથી કોઈને અગવડ પડે નહીં એ માટે ૫૨ સીટની મોટી બસની સાથે સ્લીપર બસ પણ મૂકવામાં આવી છે. દહેગામ તાલુકાના ૯૬ ગામડાઓનું પણ સંચાલન કરવાનું હોય છે. વિદ્યાર્થીઓની રજૂઆત સંદર્ભે સુપરવિઝન પણ કરવામાં આવ્યું હતું.

## સીઆઈડી ક્રાઈમનાં મહિલા પીઆઈનાં પતિ ઉપર હૂમલો કરનાર ટોળા વિરુદ્ધ ગુનો નોંધાયો

ગાંધીનગરનાં ભાઈજીપુરા પાટીયા પાસેની શ્રી રંગ સોસાયટીમાં સીઆઈડી ક્રાઈમનાં મહિલા પીઆઈનાં પતિ અને સોસાયટીના સભ્યો વચ્ચે થયેલી મારામારીનો વિવાદ વકર્યો છે. હવે મહિલા પીઆઈનાં પતિએ પોતાને માર મારનાર સોસાયટીના ૧૫ સભ્યો સામે નામજોગ સહિત અન્ય ટોળા વિરુદ્ધ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે. ત્યારે આ સમગ્ર મામલો રાજકીય વર્ચસ્વની લડાઈ બની ગયો હોવાની ચર્ચાએ જોર પકડયું છે.

ગાંધીનગરના ભાઈજીપુરા પાસેની શ્રીરંગ હાઈટસ સોસાયટીમાં સીઆઈડી ક્રાઈમનાં મહિલા પીઆઈનાં પતિ અને સોસાયટીના સભ્યો વચ્ચે સોસાયટીના નિયમોના પાલનને લઈને ઘણા લાંબા સમયથી તકરાર ચાલી રહી હતી. જે તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા મહિલા પીઆઈના પતિ - સોસાયટીના સભ્યો વચ્ચે ધિંગાણું સર્જાયું હતું. જેમાં મહિલા પીઆઈનાં પતિએ સોસાયટીના પૂર્વ પ્રમુખ અંકિત પટેલ ઉપર ધારીયાથી હૂમલો કરવામાં આવ્યો હતો.આ મામલે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગઈકાલે મહિલા પીઆઈના પતિ મયુરસિંહ જગદીશસિંહ વાઘેલા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બીજી તરફ મયુરસિંહે પણ સોસાયટીના પૂર્વ પ્રમુખ સહિતના ટોળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મયૂરસિંહે નોંધાવેલી ફરીયાદ મુજબ, તેમને ગત. ૨૮ મી સપ્ટેમ્બરે સોસાયટીના પૂર્વ પ્રમુખ અંકિત પટેલે ફોન કરીને અગાઉના ઝગડાનાં સમાધાન અર્થે બોલાવ્યા હતા.

## કલોલ શહેર અને તાલુકામાં છેલ્લાં ચાર દિવસથી વરસાદ વરસતા ખેડૂતોને ચોમાસુ સારો પાકની આશા બંધાઈ, વાતાવરણમાં ઠંડક પ્રસરી

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ૨૫ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. એ મુજબ છેલ્લા ચાર દિવસથી કલોલ શહેર અને તાલુકામાં વરસાદ પડી રહ્યો છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક ઉછળતા લોકોને ગરમીથી રાહત થઈ છે.તેમજ ૧૦ દિવસ કરતાં પણ વધુ સમયથી વરસાદ ખેંચાતો હોય જગતના તાતને તેનો ચોમાસુ પાક સુકાવાની ચિંતા સતાવતી હતી, પરંતુ છેલ્લા ચાર દિવસથી પડી રહેલા સતત વરસાદના કારણે ખેડૂતોના ચૂકાદા પાકની જીવંત દાન મળ્યું છે. તેમજ સારા વરસાદના કારણે ખેડૂતોને ચોમાસુ પાક સારો થવાની આશા બંધાઈ છે અને ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.કલોલ શહેર



અને તાલુકામાં સતત ચાર દિવસથી પડી રહેલા વરસાદના કારણે ઠેર ઠેર હાઈવે તેમજ અન્ય રસ્તા પર પડેલા ખાડા તેમજ સર્વિસ રોડ પર પાણી ભરવાના કારણે વાહન ચાલકોની વાહન ચલાવવામાં તકલીફ પડી રહી છે અને ઠેર ઠેર ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓ લોકો સામનો કરી રહ્યા તેમજ વરસાદ કારણે જનજીવન પણ પ્રભાવિત થયું છે.

## ગાંધીનગરના તપોવન સર્કલ નજીકથી બે લાખના દારૂ - બિયરના જથ્થા સાથે એક ઝડપાયો

ગાંધીનગરના તપોવન સર્કલ નજીક પૂર્વ બાતમીના આધારે અડાલજ પોલીસે વોચ ગોઠવી ક્રેટા ગાડીમાંથી અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ - બિયરના જથ્થા સાથે ડ્રાઈવરને ઝડપી લઈ કુલ રૂ. ૪.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરનાં અડાલજ પોલીસ મથકના પીઆઈ કે.બી. સાંખલાની ટીમ પેટ્રોલીગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, એપોલો સર્કલથી તપોવન




સર્કલ તરફના રોડ ઉપરથી વિદેશી દારૂ ભરેલી ક્રેટા ગાડી પસાર થવાની છે. જે હકીકતના આધારે પોલીસે ઉપરોક્ત રોડ ઉપર બેરીકેટીંગ કરી વોચ ગોઠવી દીધી હતી. ત્યારે કાગડોળે રાહ જોયા પછી બાતમી મુજબની ગાડી આવતી દેખાતા પોલીસે ગાડીના ચાલકને લાઈટની ટોર્ચ મારી તેમજ લાકડીનો ઈશારો કરી ગાડી સાઈડમાં ઉભી રાખવા સુચના આપવામાં આવી આવી હતી. જેનાં પગલે ચાલકે ગાડીને રોડની સાઈડમાં ઉભી રાખી હતી. બાદમાં ચાલકની પૂછતાંછ કરતાં તેણે પોતાનું નામ દેવારામ રાવતારામ જાટ (રહે- ગામ દાંખા તા- શેડનધરી જી- બાડમેર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.

જેને સાથે રાખીને પોલીસે ગાડીની તલાશી લેતાં અંદર વિદેશી દારૂની પેટીઓ જોવા મળી હતી.

## છત્રાલની બંધ ફેક્ટરીમાંથી ૪૫ હજારના કોપરની ચોરી

કલોલ તાલુકાના છત્રાલ ગામે જીઆઈડીસીમાં આવેલા કંપની પર તસ્કરો એ હાથ ફેરો કર્યો હતો. બેંકના કબજા હેઠળ રહેલ આ કંપનીના તાળા તોડી અંદર પ્રવેશલા શખ્સો રૂ. ૪૫,૦૦૦ના કોપર વાયરની ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. જે અંગે પોલીસ ને જાણ થતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે

## રૂપિયા ૫ કરોડના કામ માટેનું ટેન્ડર ૯.૫૦ કરોડનું ભરાયું: ઇન્દ્રોડા ગામને નર્મદાનું પાણી પહોંચાડવાનો ખર્ચ બમણો વધશે

ઈન્દ્રોડામાં નર્મદાના પાણી માટે નવી પાઈપલાઈન નાંખવા સાથે પ્રેશર પંપ મૂકવાની કામગીરી પાછળ હવે બમણો ખર્ચ થાય તેવી શક્યતા છે. આ કામગીરી માટે બહાર પાડવામાં આવેલું ટેન્ડર બમણા જેટલા ભાવનું ભરાયું છે. જેને કારણે ખર્ચમાં વધારો થતાં સરકારની મંજૂરી માટે મૂકવામાં આવશે. જેથી આ યોજનાની કામગીરીમાં વિલંબ થવાની પણ શક્યતા છે.ગાંધીનગર શહેરમાં પ્રથમથી જ સમાવિષ્ટ હોવા છતાં ઈન્દ્રોડા ગામમાં હજુ પણ બોરનું પાણી આપવામાં આવે છે. આ ગામમાં ૧૬ હજારની વસતી છે. જેને નર્મદાનું પાણી પહોંચાડવા ઉપરાંત નલ સે જલ યોજના હેઠળ નળના જોડાણ આપવા માટેની યોજના હાથ ધરવામાં આવી છે. જે મુજબ ગાંધીનગરમાંથી નર્મદાનું ૬ એમએલડી પાણી પ્રેશર પંપ મારફતે ઈન્દ્રોડા પહોંચાડવાનું થાય છે. આ માટે નવી પાઈપલાઈન નાંખવા ઉપરાંત ઘરે ઘરે નળ જોડાણ પણ આપવાનું થાય છે.

## તંત્રી સ્થાનેથી..

# ભારતીય પરિવારોની નાણાકીય સંપત્તિ સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે

અમદાવાદ : નાણાંકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિકગાળા, જૂન ક્વાર્ટરમાં પરિવારોની નેટ હાઉસહોલ્ડ વેલ્થ એટલેકે ચોખ્ખી નાણાકીય સંપત્તિ ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)ના ૧૧૫.૯ ટકા સુધી પહોંચી ગઈ છે. આ ઈતિહાસનો સર્વાધિક આંકડો છે. મોતીલાલ ઓસ્વાલના રિસર્ચ અહેવાલ અનુસાર કોરોના મહામારી પછી પરિવારોની કુલ નાણાકીય સંપત્તિમાં ઝડપથી વધારો થયો છે અને પરિવારોનું દેવું રોગચાળા પહેલાના સમયગાળા જેટલું જ છે.

અહેવાલ મુજબ, નાણાંકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં પરિવારોની કુલ નાણાકીય સંપત્તિ વધીને જીડીપીના ૧૫૭.૯ ટકા થઈ ગઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૧ના ચોથા ક્વાર્ટરમાં નોંધાયેલા ૧૫૨.૯ ટકાની અગાઉની ટોચ કરતાં વધુ છે. કોરોના પહેલા, પરિવારોની નાણાકીય સંપત્તિ જીડીપીના ૧૨૩ ટકા જેટલી હતી.

જોકે નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં પરિવારોની નાણાકીય જવાબદારીઓ જીડીપીના ૪૨ ટકા પર સ્થિર રહી છે. રિસર્ચ અહેવાલ દર્શાવે છે કે ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં પરિવારોનું દેવું ૧૨૭ લાખ કરોડ રૂપિયા હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૩ના ચોથા ક્વાર્ટરમાં ૧૦૬ લાખ કરોડ રૂપિયા હતું. રોગચાળા પહેલાના ત્રિમાસિક ગાળામાં દેવું જીડીપીના ૩૫ ટકા હતું.પરિવારોની હાઉસહોલ્ડ વેલ્થમાં કરન્સી, ડિપોઝીટ, ઈક્વિટી અને ઈન્વેસ્ટમેન્ટ ફંડ, ઈન્શ્યોરન્સ ફંડ અને પેન્શન ફંડનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ છે કે ઈક્વિટી અને ઈન્વેસ્ટમેન્ટ ફંડોનો હિસ્સો વધ્યો છે, જ્યારે અન્ય એસેટ ક્લાસ જેમ કે કરન્સી, ડિપોઝીટ અને ઈન્શ્યોરન્સનો હિસ્સો ઘટયો છે.

# ખેલૈયાના દુખતા પગમાં એક્યુપ્રેશર અને એક્યુપંક્ચર જેવી રાહત થાય તે માટે ગરબા ગ્રાઉન્ડનાં પથ્થરોની બૌછાર બિછાવી છે!!!

નવરાત્રિ. નવરાત્રિ એ આદ્યશકિતની આરાધનાનું આધ્યાત્મિક પર્વ છે. આપણી પ્રજા ઉત્સવ પ્રિય હોવાનું સંસ્કૃતમાં કહેવાનાં આવેલ છે. નવરાત્રિ એ વિશ્વનો મોટો નૃત્ય ઉત્સવ છે તેમ બેધડક કહી શકાય.( આમ પણ પાસ માટે બાઈ બાઇ ચાળણીની જેમ અત્ર તંત્ર સર્વત્ર ભટકવું પડે છે. છતા હાથમાં બાબાજી કા ઠુલ્લુ આવે છે. સોનાની જાળ પાણીમાં નાંખવાનું કષ્ટ ઉઠાવવું પડે છે.)

નવરાત્રિમાં શેરી ગરબા અને પાર્ટી પ્લોટના ગરબા વચ્ચે હરીફાઈ રહે છે. શેરી ગરબા એ સરકારી દવાખાના જેવા છે.જ્યારે પાર્ટી પ્લેટ ગરબા એ મલ્ટી સ્પેશિયાલીટી કોર્પોરેટ હોસ્પિટલ જેવા છે!! એકમાં સાદગી છે. બીજામાં ભભકો છે. એકમાં કાંકરા ઉડવા જેવી અલ્પ હાજરી છે. જ્યારે બીજામાં હૈયે હૈયું દળાય તેટલો માનવ મહેરામણ છે. શેરી ગરબા સાત્વિક અને એમેચ્યોર હેમ રેડિયો એકટીવ જેવા હોય છે. જ્યારે પાર્ટી પ્લોટ ગરબા એ ગરબાનું વ્યવસાયિકકરણ અને રૂપિયાનું રેડીયો એકટીવ ફયુઝનનુ કન્ફયુઝન છે!!!

આ દિવસોમાં માતાજીના સ્વરૂપો, ગરબાનું શાસ્ત્રીય અને પૌરાણિક મહત્વ, ઘટ-ઘડા સ્થાપનનું ચોઘડિયું,વિવિધ સ્થળોએ અવનવા ગરબાના વર્ણનનાં સમાચારથી સમાચારપત્રો છલકાઈ રહ્યા છે.

નવરાત્રિ ગરબાના ખેલૈયા, આયોજકો, સ્પોન્સરો, કલાકારો , વિવિધ ધંધાર્થી માટે લાભનો લાભકારી પ્રસંગ છે!! કોઈને ક્રિકેટ,હોકી, સંગીત, ગાયન, નૃત્યમાં રસ ન હોય. અમારા જેવા માટે સાયગલ ગાંગરે અને અમે સાંભળીએ તેવો ઘાટ થાય.,આપણને વિચિત્ર વીણા અને વીણા- વાયોલિન અને વીણાનો ભેદ ખબર ન હોય, તાલ, હડતાલની ખબર ન હોય એ પ્રાકૃતિક અને સાહજિક હોય છે. ખેલૈયા માટે જાતજાતની કેટેગરીમાં કાંઇને કાંઇ ઈનામો હોય છે. પરંતુ, દેખૈયા-જોનાર માટે એક પણ ઈનામ કે ઈનામડી કે ઈનામડું અપાતું નથી. વાસ્તવમાં નવરાત્રિના આયોજનની સફળતા આયોજક, ખેલૈયા, ગ્રાઉન્ડ, લાઈટ , લાઈન્ડ, સ્પોન્સરર, પાર્કિંગ વ્યવસ્થા, ફૂડ ઝોન , સિકયોરિટી નહી પણ બગલાની અગર ઘુવડની જેમ ઉદ્ધીવા કરીને ગરબા અને ગરબા ગાનારીઓમે અપલક અને અનિમેષ નજરે ત્રાટક તરી નિહાળતા દેખૈયાને આભારી છે!!! એમને પણ ઈનામ આપો. જરાક નવતર અને અનુસરણીય અભિગમ કહેવાશે , તેની આયોજકો સોશિયલ મિડિયામાં વાહવાહી બટોરી શકશે!!

આમ, તો અંબાલાલની આગાહી સચોટ હોય છે. તેમણે નવરાત્રિના નવેનવ દિવસ વરસાદ પડવાની આગાહી કરીને ખેલૈયા વિશેષતઃ આયોજકોના હાર્ટબીટસમાં વધારો કરી નાંખ્યો હતો. જો કે અમુક સ્થળોએ વરસાદે આગમન કરીને રંગમાં ભંગ પાડ્યો. ક્યાંક ચાલુ વરસાદે ઘેરૈયાઓ એકવા ડાન્સ કર્યો. અમુક સ્થળોએ પ્લાસ્ટિક પાથરીને ગરબા ચાલું રખાયા. આમ, વરસાદ ખેલૈયાને અટકાવી શકયો નહીં!!

નવરાત્રિ અર્ધા પડાવે પહોંચી ગઈ છે. વડોદરાના પ્રખ્યાત પાર્ટી પ્લોટમાં ગરબાનું સ્થળ બદલવાથી વિવાદારંભાયા છે. જે અટકવાનું નામ લેતા નથી. ગરબાના મેદાનની ક્ષમતા કરતાં વધુ સંખ્યામાં ઓફલાઈન અને ઓનલાઈન પાસ વેચીને લક્ષ્મી ઉસેડી લીધી.જેનાથી ખેલૈયાને તકલીફ પડી. ગરબા સ્થળે પહોંચવા એક કિમી ચાલવાનું લટકામાં. ગ્રાઉન્ડમા શ્વાસ અને ઉચ્છ્વાસ ટકરાય તેવી ચિકકાર ભીડ. સૌએ આયોજકને ધિક્કાર કર્યા!!ગરબા રમવારના ચરણકમળમાં પથ્થર વાગ્યા . કોકના હાથના કર્યા પગે વાગ્યા. આયેજકોએ ઘઉંમાંથા કાંકરા વીણે તેમ પથ્થરો વિણાવ્યા. છતાં, ખેલૈયાને પથ્થર વાગ્યા. આ ઘટના ક્રમથી વ્યથિત થયેલા ખેલૈયાએ ચિકિટબારી પર રીફંડની માંગણી કરી, પાર્ટી પ્લેટની બહાર વિરોધના ગરબા ગાયા.કોઈ બાબતનો વિરોધ તરવા માટે સૂત્રોચ્ચાર, ધરણા, પ્રદર્શનો સામાન્ય છે. જેમાં ગરબા ઉમેરાયા.!!

ગરબા ગ્રાઉન્ડમાં પથ્થર પણ ખાસ હેતુસર રાખવામાં આવેલ છે. મોગલ બાદશાહોએ સ્થાપત્ય નિર્માણમાં જેમ પૈસા નાંખ્યા તેમ આયોજકો પથ્થરામાં થોડા પૈસા નાંખે?? આયોજકો દિલ્હીથી દૌલતાબાદ અને દૌલતાબાદથી દિલ્હી એમ રાજધાનીના સર્કયુલર રૂટ ચલાવનાર મોહમ્મદ તઘલખ થોડા છે?? આ બધુ ખેલૈયાના ક્ષેમકુશળ માટે કરવામાં આવેલ છે. ખેલૈયા રોજ નવ દિવસ સુધી ચાર-પાંચ કલાક અસ્ખલિત નોન સ્ટોપ ગરબા રમે તો પગ કળવા, પગમાં દુખાવા, પગમાં મોચ આવવા જેવી ઘટના બને. પગમાં વધારે દુખાવો હોય તો બીજા દિવસે ગરબા ન રમે તો સરવાળે આયોજકે નુકસાન થાય!!! ખેલૈયાના દુખતા પગમાં એક્યુપ્રેશર અને એક્યુપંક્ચર જેવી રાહત થાય તે માટે ગરબા ગ્રાઉન્ડનાં પથ્થરોની બૌછાર બિછાવી છે!!! અને ખેલૈયા બેવડા ( બેવડાનો બીજો અર્થ અત્રે અપેક્ષિત નથી. જેની લાગતાવળગતા હળવી ગંભીર નોંધ લે.) પાંચ હજારની ટિકિટડીમાંı ગરબા મેદાનમાં બરડો,ભુજિયો,ગિરનાર પર્વત બિછાવી ન શકાય, નહીંતર હિમાલય આલ્પ્સ, કિલિમાંજરો પાથરી દઈએ!!!જોમ, જુસ્સા, ઉત્સાહથી ગરબા ગાઈ શકે તેવો શુભાશય અને શુભોઈરાદો છે. પ્લીઈઝ ડોન્ટ કિર્ટીસાઈઝ ઘી ઈન્ટેન્શન ઓફ પ્લાનર!!

ભરત વૈષ્ણવ

# પાટણમાં હદય રોગ નિવારણ જાગરૂકતા અભિયાન" અંતર્ગત યોગ શિબિર યોજાઈ, મોટી સંખ્યામાં લોકો જોડાયા









ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં દરેક જિલ્લાઓમાં વિશ્વ હદય દિવસના અનુસંધાને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે પાટણ વિલાજ પાર્ટી પ્લોટ ખાતે નિઃશુલ્ક યોગ શિબિર યોજાઈ હતી. વિશ્વ હદય દિવસ " હદય રોગ નિવારણ જાગરૂકતા અભિયાન" અંતર્ગત યોગ દ્વારા હદયને મજબુત બનાવવા માટેના વિવિધ આસનો, જીવન શૈલી, ખોરાક અને તંદુરસ્ત જીવન માટે યોગનું મહત્વ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર (રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ ) અંતર્ગત હદય દિવસની જનજાગૃતિ માટે યોગ બોર્ડ દવારા નિઃશૂલ્ક યોગ વર્ગો અને યોગ જાગરણ રેલીઓનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે પાટણ ખાતે યોગ શિબિર યોજાઈ હતી. ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ફકત એક જ દિવસ યોગ દિવસની ઉજવણી ન કરતા સમગ્ર વર્ષ દરમિયાન અલગ અલગ કાર્યક્રમો કરી દરરોજ યોગ દિવસ તરીકે ઉજવી સુર્ય નમસ્કાર કાર્યક્રમ, યોગ સ્પર્ધા, બાળકો માટે સમર યોગ કેમ્પ, કાઉન્ટ ડાઉન કાર્યક્રમો, સાંસદ યોગ સ્પર્ધા, યોગ શિબિરો, યોગ જાગરણ રેલી વિગેરે કાર્યક્રમો કરી છેવાડાના માનવી સુધી યોગ પહોંચે તે માટેના તમામ પ્રયત્નો કરવામાં આવેલ છે.પાટણ ખાતે આયોજિત યોગ શિબિરમાં જિલ્લા કો ઓડિનેટર અંકિતાબેન, સ્ટેટ કો- ઓડિનેટર હેમલતાબેન અને પાટણ નગર પાલિકાના પ્રમુખ હિરલબેન, ધારપુર મેડિકલ કોલેજના એમ.ડી ડૉ.હાર્દિકભાઈ અને એમની ટીમ તેમજ સમગ્ર પાટણ જિલ્લાના યોગ કોચ, ટ્રેનરો સાધકો અને પાટણ નગર વાસિયો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતમાલા:જમીન સંપાદન માટે કલોલ માણસાનું પ્રાથમિક જાહેરનામું અંતે રદ

ગાંધીનગર : ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત દિલ્હી મંબઈ સ્પેશ્યલ ગ્રીન એક્સપ્રેસ હાઈવે તૈયાર કરવામાં આવી રહ્યો છે જેના ભાગરૂપે થરાદ-અમદાવાદ વચ્ચે હાઈવે તૈયાર કરવા માટે હાલ અલગ અલગ જિલ્લાઓમાં સંપાદનની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પ્રાથમિક જાહેરનામું બહાર પાડે એક વર્ષ પુર્ણ થતા નિયમોનુસાર કલોલ અને માણસાના નવ ગામોનું જાહેરનામું આખરે રદ થઇ ગયું છે.ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાના ગામોમાંથી જમીન સંપાદન માટે અગાઉ વર્ષ ૨૦૨૨માં હાઈવે ઓથિરિટી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ તે વખતે ગાંધીનગર જિલ્લામાં સંપાદનની કોઇ કામગીરી થઇ શકી ન હતી જેથી એક વર્ષ થતા વર્ષ ૨૦૨૨નું પ્રાથમિક જાહેરનામું રદ થઇ ગયું હતું અને નવું જાહેરનામું બહાર પાડવાની ફરજ પડી હતી. જેના ભાગરૂપે સપ્ટેમ્બર, ૨૦૨૩માં કલોલ-માણસાના કુલ નવ ગામોમાંથી જમીન સંપાદન માટે હાઈવે ઓથોરિટીએ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું હતું અને આ વખતે એક વર્ષ થાય તે પહેલા માપણી-ખુંટ નાંખવા તથા સંપાદનની કામગીરી કરવા માટે ઓથોરિટીએ મુડ પણ બનાવ્યો હતો પરંતુ તેની સામે ખેડૂતો પણ અડગ અને આક્રમક મુડમાં રહ્યા હતા.માણસાના બાલવા ગામમાં સંપાદન માટે ઓથોરિટીના પ્રતિનિધિઓ આવ્યા ત્યારે તેમને બંધક બનાવી દેવામાં આવ્યા હતા અને માપણીની કામગીરી પણ અસરગ્રસ્ત ખેડૂત મંડળે કરવા દિધી ન હતી.ત્યાર બાદ લોકસભાની ચૂંટણી આવતી હતી તેથી તે વખતે જમીન સંપાદન કરવામાં આવે તો વોટબેંક તૂટે તેમ હોવાથી તે વખતે પણ ઉપરથી મળેલી સુચના અનુસાર સંપાદનની પ્રક્રિયા કરાઈ ન હતી.તો ચૂંટણી બાદ પણ ખેડૂતોનો આક્રમક મુડ અડિખમ રહ્યો હતો તેના કારણે પણ સ્થાનિક તંત્ર કે ઓથોરિટી પણ સંપાદનની કામગીરી કરી શક્યું ન હતું. આખરે એક વર્ષ પુર્ણ થવાની સાથે નિયમોનુસાર આ જાહેરનામું પણ રદ થઇ ગયું છે. ત્યારે હવે નવી જંત્રી અમલમાં આવ્યા બાદ જાહેરનામું બહાર પાડવામાં આવે તો ખેડૂતોને સહાયમાં આર્થિક ફાયદો થાય તેમ છે.



વર્ષ ૨૦૧૧ની જંત્રીની બેગણી જંત્રી અમલમાં છે ત્યારે ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત જો સંપાદનની પ્રક્રિયા કરાય અને ખેડૂતોને રિવોર્ડ-આર્થિક સહાય આપવાની થાય તો તેની ચાર ગણી રકમ જમીનની સામે મળે હવે જ્યારે કલોલ અને માણસાનું જાહેરનામું રદ થયું છે ત્યારે નવી જંત્રી અમલમાં આવ્યા બાદ સંપાદન માટેનું નવું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવે તો નવી જંત્રીના ચારગણી રકમ ખેડૂતોને મળે જે હાલ મળતી આર્થિક સહાય કરતા તો વધુ જ હશે

# શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં સ્વચ્છતા અંગે નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા અને સંકલ્પ ગ્રહણ કાર્યક્રમ યોજાયો




લાખણી:- શ્રી ક્રિષ્ના આર્ટ્સ કોલેજ, લાખણીમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વચ્છતા હિ સેવા પ્રોગ્રામ અંતર્ગત સ્વચ્છતા થીમ પર નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા અને સ્વચ્છતા શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ લેખનમાં અને ચિત્ર સ્પર્ધામાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગેના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય પ્રવીણભાઈ વજીર, પ્રોગ્રામ ઓફિસર પ્રકાશભાઈ સુથાર, પ્રોફે. થાનાભાઈ પટેલ, પ્રોફે. લેખરાજભાઈ પ્રજાપતિ, પ્રોફે. ભારતીબેન ચૌધરી, પ્રોફે. લખનભાઈ દેસાઈ, પ્રોફે. રેખાબેન ચૌધરી સહિત કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહીબિશનના ગુન્હામા નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી ડાંગ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ

આહવા-ડાંગ

પોલીસ મહાનિરીક્ષક શ્રી પ્રેમવીર સિંહ સુરત વિભાગ દ્વારા ડાંગ જિલ્લાના નાસતા-ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડવા સ્પેશ્યલ ડ્રાઈવનુ આયોજન કરવા સુચના આપતા, ડાંગ જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલની સુચના અને માર્ગદર્શન હેઠળ, આહવા લોકલ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી કે.જે.નિરંજન, તથા તેમની ટીમ દ્વારા, ડાંગમા સ્પેશિયલ ડ્રાઈવ યોજી વોચ તપાસ પેટ્રોલીગ હાથ ધર્યુ હતું. જેના અનુસંધાને વઘઈ ગોળ સર્કલ પાસે આવેલ પોલીસ સ્ટાફને સંયુક્ત રીતે બાતમી હકિકત મળતા સને ૨૦૨૪ના પ્રોહીબિશનના ગુન્હામા નાસતો ફરતો/ વોન્ટેડ આરોપી અજય ઉર્ફે બંમ્બો સાવળભાઈ રાઉત, રહે. હનવતમાળ, રાઉત ફળીયુ, તા.ધરમપુર જિ.વલસાડ, શરીરે સ્કાય બ્લુ કલરની હાફ બાયની ટી-શર્ટ તથા કમરમા રાખોડી કલરનુ સીક્સ પોકેટ પેન્ટ પહેરેલ છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**Nog SSO No: 229**
પ્રકાર: ગદ્ય શબ્દો : ૩૫૦
વિષય : સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભરમ
શીર્ષક: સનાતન સૃષ્ટિની ધાર્મિક દ્રષ્ટિ
લેખક : " પ્રપાશી" પરેશ મ. પાઠક

અનાદિકાળથી આદિમાનવ જંગલી અવસ્થામાં જીવતો હતો. સમયાંતરે તેની જીવનશૈલીમાં સ્નેહ, સંતોષ,સલામતી,સમુહજીવન અને સમાજજીવનની લાગણીઓનો વિકાસ થયો, ગ્રામ્ય અને કાળક્રમે શહેરોનો ઉદય થયો. આદિમાનવે સ્ત્રી,પુરુષ,બાળક,જાતિઈલાકા અને સમાજ વચ્ચેના કોઈ આંતરિક કુસંપભર્યા ભેદભાવ વિચાર્યા કે આચાર્યા ન હતા.

પોતાના અસ્તિત્વ ટકાવી રાખનાર દરેકને આદિમાનવ પોતાના પણ આના ભાવથી નિહાળતો અને જ્યાં પ્રતિકાર થાય ત્યાં હિંસા,ગુસ્સો, અસહકાર અને સભ્ય વર્તનથી નારાજગી વ્યક્ત કરતો હતો.

સૈકાઓ પછી માનવીને કુદરતીસંપત્તિ, સુખ અને સમભાવ પ્રદાન કરનાર દૈવી તત્વ તરફ આદર,અહોભાવ અને ભક્તિ વધતા ધાર્મિક આસ્થાનાં બીજ રોપાયાં હતાં. વિશ્વમાં અનેક ધર્મો જાતિઓ, પ્રદેશો, અને સંસ્કૃતિઓ અસ્તિત્વ ધરાવે છે.

અલબત્ત સનાતન ધર્મ અનાદિકાળથી સજીવોને સમભાવ,સહનશીલતા અને પરોપકારની ભાવનાઓથી પોતાની મહાનતા સાચવી રહ્યો છે. કુદરતીકોપથી વકરેલ પરિસ્થિતિઓમાં સનાતન ધર્મની માનવતાની મહેક ડગલેનેપગલે જોવા મળે છે. તેથી જ પોતાની અનોખી સર્વોપરીતા જાળવી રાખનાર સનાતન ધર્મમાં માનવીય મૂલ્યોને અધિક મહત્તા અપાતી હોવાથી તેની શ્રેષ્ઠતા સૌથી વધુ લોકપ્રિય છે.

વિશ્વમાં અનેકાનેક પ્રજાતિઓ વચ્ચે ધર્મો, સંસ્કૃતિઓ, નદીપર્વતો, સમુદ્રો, આબોહવા, રહનસહન, પહેરવેશ, ભાષાઓ, રીતરિવાજો અને તનમનની લાગણીઓમાં અભિવ્યક્તિઓનું વૈવિધ્ય જોવા મળે છે. જોકે ભારત અને તેની આસપાસના દેશોમાં હિન્દુ સનાતન ધર્મનો પ્રભાવ સવિશેષ છે.

જેમાં સાત્વિકભાવથી મૂર્તિપૂજા થતી હોવાથી ઉત્તમ આદરભાવ,તનમનધનનીશુદ્ધિ અને બાળસહજ ભક્તિથી દેવદેવીઓની આરાધનાનું આલેખન થયેલું હોય છે. દરેક પ્રજાતિઓમાં પ્રાદેશિકભાષાગત અને સ્વભાવગત કલાસાહિત્ય, સામાજિકરીતરિવાજો સાથે ધાર્મિક વિવિધતાઓનું અદભુત સાયુજય સચવાયેલું હોય છે.

હિન્દુધર્મમાં અનાદિકાળથી જ ચાર વર્ણશ્રમોમાં બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શુદ્ર ની રચના થયેલી હોવાથી તે પ્રમાણેના કાર્ય પ્રવૃત્તિઓ દરેકને સોંપેલા છે. તદઅનુસાર બ્રાહ્મણોને ભણવુંભણાવવું,રાજાઓને સલાહસૂચન આપીને સમાજની નીતિમત્તાનું સંતુલન કરવાનું. વૈશ્યને વેપારવાણિજ્ય અને આર્થિકપ્રવૃત્તિઓ કરી ધનઉપાર્જન સાથે દાન પ્રવૃત્તિની વૃદ્ધિ કરવાનું.

ક્ષત્રિયોને રાજ ચલાવું, ગૌબ્રાહ્મણ પ્રતિપાળ તરીકે અબળાઓના સંરક્ષણ સાથે રાજકીય પ્રવૃત્તિ કરવાની રહેતી. શુદ્રોને અનાદિકાળથી રાજ્યની સાપ સફાઈ જાળવી સ્વચ્છતા સાથે સર્વેના આદર કરવાની કામગીરી બજાવવાની થતી. સૌને પોતાની ફરજોમાં ત્રુટીઓ રહી જતા શિક્ષા મળતી તો ક્યારેક દરગુજર થતી હતી.

જોકે સ્વતંત્ર ભારતમાં હવે આ બધું બંધારણ અને કાયદા પ્રમાણે ચાલે છે. પરંતુ જાતિવાદના નામે પક્ષાપક્ષીથી પોતાની જાતિના ઉમેદવારોને લાભ આપવા અને અન્ય જાતિનાઓને ગેરલાયક ગણીને કે ગેરલાભ મળે તેવી દ્રષ્ટિ રાખી આચરણ કરવું તે સનાતનધર્મના સિદ્ધાંતોની વિરુદ્ધ હોવાથી આ વાતનું ધ્યાન દરેકે રાખી "વસુધૈવ કુટુંબકમ"ની ભાવનાને જીવંત રાખવી જોઈએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય-સનાતન/વાડા
શીર્ષક-"અનંતમાં ફાંટા"
શબ્દ-૨૪૩

સનાતન શું છે? બ્રહ્માંડમાં જે ધ્વનિ ગૂંજે છે!
ઈક ૐકાર
સતનામ શ્રી વાહી ગુરૂ!
જે અનંત છે! એ
ૐના ધ્વનિને શોધ્યો જડશે? એ તો ગૂંજ્યા જ કરશે.
એ જ તો સનાતન છે!
સનાતન એજ તેજનું તત્વ છે.એ તેજના અણુએઅણુમાં આપણે પરમાણુ રૂપે વ્યાપ્ત છીએ.
બ્રહ્માંડના અવકાશમાંથી પરમાણુ લસરતો લસરતો જીવન ઈચ્છે છે,ધરતી ઉપર પડે છે.શરીર દેહ ધારણ કરે છે.મેઘધનુષના રંગોમાં જીવ અટવાતો જાય! એ રંગોથી રંગાયેલો જીવ! ધરતી ઉપર જુદી જગ્યાએ પડે! ત્યાં કાદવ-કીચડનો ગંદા રંગે રંગાય! આ ચક્ર જન્મોથી ચાલતું જ આવે છે! જેવો જીવ એવું વાતાવરણ,એ સર્જે!એ ભૂલી જાય કે એ તો એક પરમાણુ છે! પણ એ એમ માનતો થઈ જાય આ સર્જન તો મેં કર્યું છે! મારું મારું! થકી એ અનંતના સર્જનહારને ભૂલ્યો!જે જમીન પર પડ્યો,એ રંગે રંગાયો, અને જેતે વાતાવરણ પ્રમાણે જીવવા લાગ્યો!એ જ મારું! મેંજ બનાવ્યું!હું જ સાચો!એવા અહમ્ ના ખાડામાં એ ખૂંપતો જ ગયો. મારું મારું મારું
થકી ભોતિકતામાં ભૌતિકતા પાછળ ભટકતો,
મનુ સ્મૃતિના ચાર ધર્મ, ચાર વર્ણ એ ભૂલતો રહ્યો!
જે જેનું કાર્ય એ સ્વીકારવાના બદલે ઊંચનીચના ભેદભાવમાં ભરખાતો રહ્યો!
ઉસકી સાડી મેરી સાડી સે સફેદ કૈસે?
મારો જ ભગવાન સારો!સાચો. એનો-બીજાનો ભગવાન તો ખોટો!
તારીમારી ઈર્ષ્યાઅદેખાઈ એટલાં તો વધી ગયાં, ધર્મના અનેક ફાંટાઓ થઈ ગયા, ધર્મના નામે રાજકારણનાં ગતકડાં,આશ્રમોબનાવી અંદર પંચરત્ન,પાંચતારક હોટલોને શરમાવે એવા રંગરાગ શરૂ થઈ ગયા.માણસ અનંતના અણુપરમાણુને ભૂલી ગયો!
ભૌતિકતાના કળણમાં ભોમાઈ,જુદા જુદા વાડા રચી ભટકતો રહ્યો!

મુક્તિદા કુમાર 'મનચલી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**
વિષય: "સનાતન ધર્મમાં જાતિવાદના ભેદ ભરમ"
શીર્ષક:"સનાતન ધર્મ સત્ય"
પ્રકાર:પદ્ય શબ્દ: ૮૦

જન જન પ્રતિદિન,
હિન્દુ પરિષદ પ્રચાર..સનાતન ધર્મ સત્ય..!

જાતિવાદ ધર્મ પરિવર્તન,
જન જાતિ ભેદ ભરમ..સનાતન ધર્મ સત્ય..!

વાદવિવાદ હિન્દુત્વ વિરુદ્ધ,
ધર્મ અંગીકાર સત્ય..સનાતન ધર્મ સત્ય..!;

નામ: ઉર્વશી મહેતા.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: *NOG SS No.: 0141***
★વિષય: "સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભરમ"★
★શીર્ષક: "કેમ છૂટાશે?"★
★શબ્દ સંખ્યા: ૩૫૦★

"ધર્મ" એટલે કોઈપણ મનુષ્યની(વ્યક્તિની): "જન્મથી લઈને મોટા થઈ, મૃત્યુ સુધી, સંસારમાં સુખ, શાંતિ અને સગવડ પ્રાપ્ત કરવા માટેની રોજિંદી ગતિવિધિઓ." ધર્મ એટલે પોતાને, કુટુંબ-જ્ઞાતિ-સમાજને માટે - "નક્કી કરેલી જીવનચર્યા, જીવનશૈલી, નીતિનિયમ અને કાર્યપ્રણાલી!"

કોઈપણ મનુષ્યનું જીવન: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ(પરમ શાંતિ), પાયાનાં ચાર કર્તવ્ય પર નિર્ભર છે. એનું અંતિમ લક્ષ્ય તો "શાંતિ(મોક્ષ)" પ્રાપ્તિનું! મનની શાંતિ માટે કરવામાં આવતા વિધિવિધાન, પાઠ-કર્મકાંડ, પૂજન-અર્ચન-દર્શનને મોટાભાગે ધર્મ ગણી લેવામાં આવ્યો છે.

પૌરાણિક કાળમાં રાજ્યનું કામ સુચારુ રીતે થઈ શકે તે માટે - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર; એમ ચાર વર્ણમાં સમાજને વિભાજિત કરવામાં આવ્યો. વર્ણવ્યવસ્થા નામ આપ્યું. શરૂઆતના સમયમાં આ, ખૂબસુંદર વ્યવસ્થા હશે! આ વર્ણવ્યવસ્થામાં કાળક્રમે ઊંચનીચનાં ભેદ, સારું-ખરાબ કામની તુલના, નાના-મોટા વાડા, ભણેલા-અભણ, વગેરે જેવી માન્યતાઓ રૂઢ થતાં તે વ્યવસ્થા જ્ઞાતિ/વાડાઓમાં વહેંચાઈને અત્યારે સનાતનધર્મ માટે કલંકરૂપ બની ગઈ છે.

સમાજના લોકોને શિક્ષિત કરે, સારાનરસાનું જ્ઞાન આપે તે બ્રાહ્મણ. બ્રાહ્મણનું કામ જ્ઞાન, વિદ્યાભ્યાસને લગતી તમામ માહિતી કંઠસ્થ કે ગ્રંથસ્થ કરી, પ્રચારપ્રસાર કરવાનું. ક્ષત્રિય રાજ્યના કાયદાકાનૂન, પ્રચલિત ધારાધોરણ, નીતીનિયમનું પાલન કરાવે, રાજ્ય પર થતાં બહારના કે અંદરના લોકોના આક્રમણોથી રાજ્યનું અને લોકોનું રક્ષણ કરે. દ્રવ્યનું ઉપાર્જન, ભાવનિર્ધારણ, જરૂરી માલસામાનની વ્યવસ્થા, જીવનનિર્વાહની ચીજવસ્તુ, ધાન્ય, પદાર્થો, આજીવિકા વગેરે સર્વસુલભ કરવાનું કામ વૈશ્યનું. આભાર - નિહારીકા રવિયા બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યને કરવાના કામોમાં મદદ, સહાય, સેવા આપવાનું કામ શુદ્રનું. રાજ્યના રાજા, અધિકારી કે માલિકના આદેશ અનુસાર બુદ્ધિબળ કે શારીરિક શ્રમ આપી જેતે કાર્યને હેતુપૂર્ણ કરે તે: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર કહેવાતો.

સનાતનધર્મની આ વર્ણવ્યવસ્થા હતી કે, જેમાં કર્મ પ્રમાણે વર્ણ હતા. રાજા, પ્રધાન, ગુરુ, અધિકારી, વેપારી, ખેડૂત, કારીગર, મજૂર, સેવક અને પૂજારી વગેરે સૌ કર્મથી સન્માનનીય હતાં. બ્રાહ્મણ ફક્ત બ્રાહ્મણજ નહોતો કે શૂદ્ર કેવળ શૂદ્ર! જેમ બ્રાહ્મણ સૈનિકના કામમાં સૈનિક, ધંધાના કામમાં વૈશ્ય અને સેવાના કામમાં શૂદ્ર હતો તેમ અન્ય વર્ણ - ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રનું હતું. કાળક્રમે એમાં છૂતાછૂત, લેતીદેતી, તડ-ગોળ-વાડા-પરગણાં, પ્રદેશવાદ વગેરેનાં મૂળિયાં નંખાયાં! અજ્ઞાનવશ એને પોષણ મળતાં "જાતિવાદ" નામનું મહાવૃક્ષ થયું, જે દેશની ધરોહર, અખંડિતતા, વિકાસ અને પ્રગતિને લૂણો લગાડી રહ્યું છે.

હાલના સમયમાં: નોકરી, કામધંધા, ચુંટણી, લઘુમતી-બહુમતી, એકાધિકારવાદ, વિકાસ, અનામત, સત્તાગ્રહણ અને શાશન માટે, આનાં મૂળિયાં એટલાં ઊંડા ઉતરી ગયાં છે કે "કેમ છૂટાશે?" તે સૌના માટે યક્ષપ્રશ્ન છે!

રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 169**
વિષય - સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભરમ
શીર્ષક - શીદ ને? શબ્દો - ૮૧

નથી કોઈનું નાતજાત પ્રમાણે લીલું, પીળું કે કાળું,
એક જ સરખો રંગ લોહીનો લાલ, સૌનું છે ભૈ સરખું.

સર્જનહારે સકળ વિશ્વ રચ્યું સદા સમભાવ રાખી,
વિચારશક્તિ ને વાણી કાયમ સહુને આપી સરખી.

ભારત મારો દેશ છે ને બધા ભારતીયો મારાં ભાઈબેન,
તું નાનો ને હું મોટો એવા નાતજાતના વાડા શીદ ને?

ના ખબર કોઈને જનમની કે ના જાણીએ મરણ ઘડી,
સુવડાવે ને ઉઠાડે રોજરોજ સહુને અલખધણી.

ભલે! સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભરમ,
સંકટ સમયે લોહીની બોટલ લેતા ના વાંચે જાત કે ધરમ.
લતાબેન ચૌહાણ.. "સોનાવેલ".. ગોધરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - "સનાતન ધર્મમાં જાતિવાદના ભેદભરમ"
શીર્ષક - આ ધર્મ કેવો..?
શબ્દ સંખ્યા - ૧૧૧
......................................
પેલી હેવાનિયતને કારણે આખા દેશ શરમજનકતા લાગતી ..!
અન્યદાતાઓ ને પણ શરમજનક લાગતી..!
મંદિરનું દ્વાર પણ દાન લેતાં વિચારે..!
એ હેવાનિયતને લીધે દેશને શરમ અનુભવાતી..!

પરચા કળિયુગ નો થતો...! પોતાનાથી ડરે છે ભરોસો પણ શું ...?
માનવતા પણ માનવતાથી મોઢું લપાવે છે...!
"અંહિસા પરમો ધર્મ " આ સંદેશ પણ સંદેહ લાગે છે...!

ધર્મ માટે જેને અર્પણ કરી આખી જિંદગી પોતાની ...!
ચાલ રમતો શકુની જેવી...!
ને થયો ધર્મનો સર્વનાશ...! સંયમ ,બુદ્ધિને, વિવેકનો થયો મહા વિનાશ..!

છલ કપટમાં ભૂલ્યાં ભાન...!
ના રાખ્યું કોઈ સ્ત્રીનું સન્માન...!
ના કરો નારીનું અપમાન ...!.
જ્યારે જ્યારે અધર્મ વકર્યો..!

ત્યારે ઈશ્વરે ફરી ફરી અવતાર લીધો..!
ગીતાનો ઉપદેશ સાંભળી થયું..!
હારી ગયેલો હવે તો માનવ જાગ...!
વાણી વિચારમાં સંયમ રાખો ...!

ના રાખો અભિમાન ..!
ના કરો અપમાન...!
રાખો સૌનું માન..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

# ૧ ઓક્ટોબર, " રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ "

દર વર્ષે ૧ ઓક્ટોબરનાં રોજ ''રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રક્તદાન અંગે જાગૃત કરવાનો છે. લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રક્તદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ-દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રક્તદાન કેટલું જરૂરી છે.

આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અધતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે.

સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાનાં હેતુથી રક્તદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રક્તદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગનાં લોકો જેમણે રક્તદાન નથી કર્યું હોતું તેમનો રક્તદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને ક્યારેય રક્તદાન વિશે વિચાર્યું જ નથી હોતું. તેનો અર્થ એ છે કે સમાજમાં હજુ પણ રક્તદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રક્તદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેન્દ્રિત કરવાની તાતી જરૂરિયાત છે, કારણ કે યુવાનો રક્તદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રક્તદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી-જુદી બ્લડ બૅન્ક દ્વારા કૉલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રક્તદાન શિબિર યોજી યુવાનોને રક્તદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રક્તદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌ પ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે, કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહિ તે ખૂબ જ અગત્યની બાબત છે. રક્તદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બૅન્કમાં જઈને રક્તદાન કરાતું હોય છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રક્તદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજુ ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રક્ત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.

- મિત્તલ ખેતાણી

# ૧ ઓક્ટોબર, ''વિશ્વ વૃદ્ધ દિવસ''

દર વર્ષે ૧ ઓક્ટોબરે ''વિશ્વ વૃદ્ધ દિવસ'' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસ મુખ્યત્વે સમાજમાં રહેતા વરિષ્ઠ નાગરિકોનો મહત્વ સમજાવવામાં માટે ઘડવામાં આવ્યો છે. ખાસ કરીને આ દિવસનું મહત્વ વૃદ્ધ લોકોને જે તકલીફો થતી હોય છે તે દર્શાવવા માટે અને તેનાં ઉકેલનો પ્રયત્ન કરવા માટેનો છે. આજે આપણા સમાજમાં લોકો પશુ-પક્ષીઓને પોતાનાં ઘરમાં રાખે છે પણ પોતાના જ વૃદ્ધ માતા પિતાને વૃદ્ધાશ્રમમાં રહેવાની ફરજ પાડે છે. પશુ-પક્ષીઓને પ્રેમ આપવો એ વાત ખરાબ નથી જ પંરતુ નવાઈ એ વાતની છે કે જે માણસ પારકા પશુ-પક્ષીઓને પણ પ્રેમ, લાગણી અને એમને જરૂરી હુંફ આપી શકતા હોય તો એ પોતાના સગા માતા પિતાને સાચવવામાં કેમ અચકાય છે ! આશ્રમો અને આશ્રયો બંધાવનારને આશ્રય સ્થાન શોધવું પડે છે ! અરે દીકરો કે દીકરી લાડ ન લડાવે તો કઈ નહી પણ માવતરને રોડવી લેવાનું ટાળે એ તો કમનસીબી જ છે. મોટી ઉંમરની વ્યક્તિઓને શારીરિકથી લઈને માનસિક રીતે પણ ઘણા પ્રશ્નો હોય છે તે સામાન્ય બાબત છે, પરંતુ એવા પ્રશ્નોને લીધે પોતાના જ માતા પિતાને દુર હડસેલી દેવા એ કેટલે અંશે યોગ્ય છે ? શું દરેક વ્યક્તિને જીવનમાં વૃદ્ધાવસ્થા નથી આવતી ? બાળક કાયમ બાળક, યુવા કાયમ યુવા અને વૃદ્ધ કાયમી વૃદ્ધ જ રહે છે ? ના એવું જરા પણ નથી છતાં કાળની ગતિને સમજવામાં કેટલાક થાપ ખાઈ જાય છે. મોટી ઉંમરનાં લોકો શારીરિક શ્રમવાળા કોઈ કાર્ય ન કરી શકે, એ દેશના યુવાધનની જેમ દેશને આવક રળી નથી આપતા પરંતુ એ જે કાર્ય કરે છે એ અતિ મહત્વનું છે. એ દેશના યુવાધનને માર્ગદર્શન આપે છે. સમયે સમયે એમને જરૂરી પ્રેમ, હુંફ અને સંસ્કાર આપે છે. યુવા એમનાં હાથ નીચે જ તૈયાર થાય છે અને જીવનમાં સાચા ખોટાની સમજ કેળવવામાં સક્ષમ બને છે. પોતાના વડીલો પાસેથી લીધેલું જ્ઞાન વ્યક્તિ જીવનમાં ઉતારે છે અને એ દ્વારા અંતે તો દેશનો જ ઉદ્ધાર થાય છે, માટે દેશમાં જેટલો આવક રળી આપતો વર્ગ કામનો છે એટલા જ વૃદ્ધ લોકો પણ જરૂરી છે. વળી, ઘણી વખત તો મોટી ઉંમરે પણ મજુરી કામ કરતાં લોકો કે ફક્ત સમય પસાર કરવા માટે નાનું મોટું કામ કરતા વડીલો પણ પોતાનું ગુજરાન ચલાવી શકાય તેટલું કમાઈ લેતા હોય છે.

એવું નથી હોતું કે દર વખતે સંતાનોની જ ભૂલ હોય, ઘણી વખત વડીલો સંતાનોનાં જીવનમાં જરૂર કરતા વધુ દખલગીરી પણ કરતાં હોય અને યેનકેનપ્રકારેણ બાળકોને માનસિક ત્રાંસ પણ આપતા હોય છે. વડીલોએ પણ સમજવું જોઈએ કે આ નવી ટેકનોલોજીમાં જીવીને પળે પળે બદલાતી ફેશનોમાં રચ્યા પચ્યા રહેતા જીવોને એમની રીતે જીવવા દેવું જોઈએ અને જીવનની અંત ઘડીએ 'હવે મારે શું છે ?', 'હું તો હજુ કેટલું જીવવાનો કે જીવવાની ?', 'હવે મારે કોઈ શોખ ન રખાય', 'મારું જીવતર કેટલું કે હું નવા કપડાં સીવડાવું' વગેરે જેવી બાબતો વિચાર્યા વગર જીવનની વધેલી ક્ષણોમાં પોતાના શોખ પૂરા કરીને, શાસ્ત્રો વાંચીને, પૂજાપાઠ કરીને કે પછી કોઈ પણ ગમતું કાર્ય કે સેવા કાર્યો કરીને પૂર્ણપણે જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કંઈક ખૂટ્યું હતું લાગણીમાં એટલે જ આમ હું તરછોડાયો છું,
એક ઊંડો નિસાસો નાખી હું ઘડપણથી ગભરાયો છુ.

# ગાંધીનગર ખાતે કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતને એમ.જી. મોટર્સના પ્રતિનિધિઓએ વાહનોની ચાવી અર્પણ કરી



ભારતને વિશ્વનું "સ્કિલ હબ" બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે ગુજરાત સરકાર કટીબદ્ધતા સાથે આગળ વધી રહી છે. યુવાનોને કૌશલ્યવાન બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા કરાઈ રહેલા પ્રયાસોમાં હવે વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓ પણ જોડાઈ છે. શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગ હેઠળની "કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સીટી"ના એફીલેટેડ પાર્ટનર એમ.જી. મોટર્સ-હાલોલ દ્વારા વિદ્યાર્થીઓની પ્રેક્ટીકલ તાલીમ માટે રૂ. ૪૫ લખની કિંમતના બે સ્ટેટિક વાહનો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે આજે એમ.જી. મોટર્સ-હાલોલના પ્રતિનિધિ મંડળે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતને વિદ્યાર્થીઓ માટે સમર્પિત બંને સ્ટેટિક વાહનોની ચાવી અર્પણ કરી હતી. રાજયમાં ઓટોમોબાઈલ ટ્રેડના તાલીમાર્થીઓને પ્રેક્ટીકલ તાલીમ આપવા માટે આ વાહનો પૈકી એક એમજી-ઝેડએકસ-ઈવી વાહન અમદાવાદની ૈ - કુબેરનગરને તેમજ બીજું એમ.જી. હેક્ટર વાહન મહીસાગરના ૈ - લુણાવાડાને આપવામાં આવ્યા છે.શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું હતું કે, આ વાહનોની મદદથી મિકેનિક-ઈલેક્ટ્રિક વ્હીકલ અભ્યાસક્રમ, મિકેનિક મોટર વ્હીકલ અભ્યાસક્રમ તેમજ ઓટોમોબાઈલ સેક્ટરના અન્ય અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને નવીન ટેકનોલોજીની પ્રાયોગીક તાલીમ આપી શકાશે.

આ ઉપરાંત મંત્રીશ્રીએ એમ. જી. મોટર્સના પ્રતિનિધિઓ સાથે યુવાનોના કૌશલ્ય વિકાસ માટે રાજય સરકાર અને ઔદ્યોગિક સંસ્થાઓએ કરેલા કેટલાક સંયુક્ત ઉપક્રમો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ શ્રી વિનોદ રાવ, રોજગાર અને તાલીમ નિયામક શ્રી ગાર્ગી જૈન, કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. એસ. પી. સિંઘ તેમજ રજીસ્ટ્રાર શ્રીમતી રેખા નાયર, એમ.જી મોટર્સ-એચ.આર.ના સીનીયર ડારરેક્ટર શ્રી યશવિન્દરસિંઘ પટિયાલ, જનરલ મેનેજર શ્રી કિરણસિંહ રાઠોડ તેમજ ડેપ્યુટી મેનેજર શ્રી સલોની મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા.




શ્રી પી.એમ. સર્વોદય હાઈસ્કૂલ,ઉમરાળા ખાતે GK IQ-46 પરીક્ષા યોજવામા આવી હતી. વિદ્યાર્થીઓમાં ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે સામાન્ય જ્ઞાન વધે જરૂરી છે. શ્રી સર્વોદય કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.એમ.સર્વોદય હાઈસ્કુલમાં દર વર્ષે નિયમિત આ પરીક્ષા શિક્ષક મનિષભાઈ વિંઝુડા દ્વારા લેવામાં આવે છે. આ શિક્ષક દ્વારા દર શનિવારે સામાન્ય જ્ઞાનની પ્રશ્નોતરી ૬૦૦ બાળકોને કરી સ્વ -ખર્ચે પ્રોત્સાહીત ઈનામ પેડ,નોટબુક, પેનના પેકેટ વગેરે આપવામાં આવે છે. બાળકોને સામાન્ય જ્ઞાન માટે જાગ્રત કરવામાં આવે છે.

## ગાંધીનગર ખાતે ગીર ફાઉન્ડેશન દ્વારા તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્યજીવ સપ્તાહ' ઉજવાશે

નાગરિકોમાં વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાના હેતુસર પ્રતિ વર્ષ 'ગીર' ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા તા.૨ થી ૮ ઑક્ટોબર દરમિયાન 'વન્યજીવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.દર વર્ષે 'ગીર' ફાઉન્ડેશન દ્વારા આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સપ્તાહ દરમિયાન ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ અને અરણ્ય ઉદ્યાનમાં મુલાકાતીઓ માટે નિઃશૂલ્ક પ્રવેશ આપવામાં આવશે. આ વર્ષે 'ગીર' ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છતા અભિયાન, બર્ડ વૉક, વિદ્યાર્થીઓ માટે વર્કશોપ કમ ટ્રેનિંગ, ઈકો કલબ ટીચર્સ ટ્રેનિંગ, વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફી, ફોટોગ્રાફી એક્ઝિબિશન તેમજ બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં સોમવાર તા.૭ ઓકટોબરના રોજ મુલાકાતીઓ માટે પાર્ક ખુલ્લો રાખવામાં આવશે,જયારે બુધવાર તા.૯ ઓકટોબરના રોજ મુલાકાતીઓ માટે પાર્ક બંધ રાખવામાં આવશે, તેમ નાયબ નિયામકશ્રી ગીર ફાઉન્ડેશન ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ- ધ્રોલ વિજયાદશમી ઉત્સવ, સંચલન, શસ્ત્ર પૂજન અને એકત્રીકરણ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેના સ્થાપનાકાળથી પરંપરા અનુસાર દર વર્ષે વિજયાદશમી ઉત્સવ અને શસ્ત્ર પૂજન કાર્યક્રમ નું આયોજન કરે છે. હિન્દુ સમાજ માં વિજીગીશું જીવનધારા ના પુનઃ નિર્માણ અને દ્રઢતા માટે સંઘ કટિબદ્ધ રીતે કાર્ય કરે છે. સંવત ૨૦૮૦ નો ધ્રોલ નગર અને તાલુકા નો વિજયાદશમી નો ઉત્સવ તારીખ ૨૯/૦૯/૨૦૨૪, રવિવાર ના દિવસે યોજાયો. કાર્યક્રમ દરમ્યાન શસ્ત્રપૂજન અને નગર ના મુખ્ય માર્ગો પર પથ સંચલન નું આયોજન થયું હતું.

કાર્યક્રમ દરમ્યાન જામનગર ગ્રામ્ય વિસ્તાર ના કાર્યવાહ શ્રી વૈદ્ય શ્રાકેશભાઈ મગનભાઈ ચાંગાણી નું માર્ગદર્શન અને ઉદ્બોધન થયું. તેમને જણાવ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના સ્થાપના નું આ ૧૦૦ નું વર્ષ ચાલી રહ્યું છે, ત્યારે સમાજ ના દરેક ગામ અને વસ્તી સુધી સંઘ વિચાર પહોચાડવા ના ધ્યેય સાથે સંઘ કાર્યરત છે. ધ્યેય ની સિદ્ધિ સુધી સંઘ ના સ્વયંસેવકો પરિશ્રમ કરતા રહેશે.વિશેષ માં જામનગર અને દેવભૂમિ દ્વારકા માટે એક મહત્વ ની બાબત એ પણ જણાવી કે સંઘ ના આદરણીય અખિલ ભારતીય સર-કાર્યવહ શ્રી દત્તાત્રેય હોસબોલેજી નો પ્રવાસ આ વર્ષે વિજયાદશમી રોજ નિર્ધારિત છે. આ કાર્યક્રમ માં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા ના સ્વયંસેવકો નું વિશાળ એકત્રીકરણ અને જાહેર વિજયાદશમી ઉત્સવ સત્ય સાંઈ વિદ્યાલય ના રમતગમત ના મેદાન માં તારીખ ૧૨/૧૦/૨૦૨૪, શનિવાર ના દિવસે સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી રહેશે. આ કાર્યક્રમ માં વિવિધ બૌદ્ધિક અને શારીરિક કાર્યક્રમો ઉપરાંત વિશેષ માં આદરણીય સર-કાર્યવાહ શ્રી દત્તાત્રેય હોસબોલેજી નું વિજયાદશમી ઉત્સવ ને અનુલક્ષી ને રાષ્ટ્ર ને ઉદ્બોધન થશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા આ જાહેર કાર્યક્રમ માં પધારવા સર્વે નાગરિકો ને ભાવભર્યું આમંત્રણ પાઠવાયું છે.

## શ્રીમંત ફતેહસિંહરાવ લાઇબ્રેરી અને યમુનાવાડી ટ્રસ્ટ દ્વારા દિવાળી નિમિત્તે મીઠાઈ તથા નાસ્તા શીખવવાનો સેમીનાર યોજાયો

પાટણની ઐતિહાસિક શ્રીમંત ફતેહસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય તથા પાટણ દશાવાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટના ઉપક્રમે પાટણની બહેનો આત્મનિર્ભર બને અને શુધ્ધ, સાત્ત્વિક, સ્વાદપ્રિય નાસ્તા પોતાના ઘરે જ બનાવી શકે તે હેતુસર યમુનાવાડીમાં વિવિધ રસોઈ શોનાં નિષ્ણાત ટ્રેઈનર જ્યોતિકાબેન જોષી દ્વારા વિવિધ મીઠાઈ તથા નાસ્તા શીખવાડવામાં આવ્યા હતા. તેઓએ વિવિધ જાતનાં કાજુકતરી, કાજુ પીઝા, શાહી ચેવડો, ચકરી, રવાનો ચેવડો, માખણીયા ગાંઠીયા, મોતીચૂરનાં લાડુ વગેરે શીખવાડયા હતા. સાથે સાથે બહેનોને પડતી વિવિધ તકલીફોનાં પણ સંતોષકારક જવાબ આપ્યા હતા.

આ પ્રસંગે લાઈબ્રેરીનાં પ્રમુખ ડો.શૈલેષ સોમપુરા તથા




હરેશભાઈ પટેલ દ્વારા તમામનું સ્વાગત કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અધ્યક્ષ મુમતાજબેન મનસુરીએ બહેનો અને પાટણનાં યુવાનો માટે આવા વિવિધ રોજગારલક્ષી અને સેવાકીય કાર્યોની નોંધલઈ સાથ-સહકાર આપવાની ખાતરી આપી હતી. મહેમાન સ્મિતાબેન વ્યાસ અને સ્નેહાબેન પરીખે બહેનોને બજારમાં મળતા નાસ્તાની ગુણવત્તા ઉપર સવાલ ઉઠાવી ઘરે જ આવા શુધ્ધ નાસ્તા બનાવવાનું સૂચન કરી લાઈબ્રેરી દ્વારા આવા કાર્યક્રમો માટે તમામ કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયમાલાબેન પંચાલ તથા જ્યોતિબેન પટેલ દ્વારા શેરો શાયરી-કહેવતો દ્વારા જીવંત રીતે કરવામાં આવ્યુ હતું. સન્નારી તેલના માલિક રમેશભાઈ પટેલ દ્વારા પાંચ લકી બહેનોને ૧ લીટર તેલ ભેટ આપવામાં આવ્યુ હતું. પાટણની ૫૫થી વધુ બહેનોએ આ કાર્યક્રમનો લાભ લઈ નવું શીખવાનો આનંદ વ્યકત કર્યો હતો. લાઈબ્રેરી પરીવારના સભ્યો સુનીલભાઈ, અશ્વિનભાઈ નાયક, નટુભાઈ, આત્મારામ નાયી, દિલીપ પ્રજાપતિ, સુરેશભાઈ યોગી, વાસુભાઈ, હાર્દિક પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહયા હતા. આભારવિધી ખજાનચી રાજેશભાઈ પરીખે કરી હતી.

## કઠલાલ તાલુકાના પીઠાઈ ખાતે તસ્કરો ત્રાટકયા એક સાથે ૩ દુકાનો તેમજ ભંગાર ના પીઠા માં કરી ચોરી થયા ફરાર

કઠલાલ તાલુકાના પીઠાઈ ખાતે તસ્કરો ત્રાટકયા એક સાથે ૩ દુકાનો તેમજ ભંગાર ના પીઠા માં કરી ચોરી થયા ફરાર

ગત રાત્રી એ કઠલાલ તાલુકાના પીઠાઇ ખાતે ચોરો એ ત્યાં લાગેલા સી.સી ટી વી કેમેરા તોડી ત્યાં આવેલી એક ઈલેક્ટ્રોનિક ની દુકાન .પાન ની દુકાન અને ડેરી સહિત એક ભંગાર ના પીઠા પર મોટો હાથ ફેરો કર્યો હતો

આ સંદર્ભ કઠલાલ પોલીસ સ્ટેશન માં આશરે ૩ લાખ થી વધુ ના મુદ્દામાલ ની ચોરી ની ફરિયાદ નોંધવામાં આવી છે

રીપોર્ટ - સૈયદ સાહિલ અલી કાદરી

### સર્વદા સર્વશ્રેષ્ઠ સેવા ઓર સુરક્ષા

## સેન્ટ્રલ જુડીશિયલ કમિશન ની ગુજરાત અમદાવાદ ખાતે મિટિંગ યોજવામાં આવી



સેન્ટ્રલ જુડીશિયલ કમિશન ની અમદાવાદ ખાતે મિટિંગ યોજવામાં આવી જેમાં ગુજરાત અલગ અલગ જિલ્લામાંથી જેમાં પાટણ, નર્મદા જિલ્લા, ડાંગ રાજકોટ અને અમદાવાદ ટીમ હાજર રહીને કમિશન ના વડા ચેરમેન ડો.મુકેશ કુમાર મિસ સુમી દાસ અને ડેપ્યુટી કમિશનર શ્રી ચંદન મજૂમદાર સાથે મિટિંગ માં હાજરી આપી હતી અને કામ કઈ રીતે કરવામાં આવે છે એ બાબત ની માહિતી આપવામાં આવી હતી અને ખૂબજ સારી એવી માહીતી પુરી પાડવામા આવી અને માનનીય ઉમેશ રાઠોડ સર અને માનનીય અગ્રવાલ સાહેબ અને ઉમેશ સર દ્વારા ઘણી જ મહત્વની માહીતી પુરી પાડવામાં આવી અને તેના નવા મેમ્બર્સ અને બધાની માહીતી પુરી પાડવામાં આવી લીગલ સેલ કઈ રીતે કામ કરશે અને આ કમિશનનો ઉદ્દેશ્ય ક્યા પ્રકારનો છે તેની વિસ્તૃત માહીતી આપવામાં આવી અને જરૂરી સલાહ સૂચનો કરવામાં આવ્યાં.

## પાટણના અડિયા દુધેશ્વર મહાદેવ મંદિર (જાગીર મઠ ) ખાતે .સંત ચિંતન સંમેલન નું થઈ રહેલું આયોજન

વિશ્વ હિન્દુ પરિષદ ધર્માચાર્ય સંપર્ક આયામ મહેસાણા વિભાગ દ્વારા પાટણ મહેસાણા વિસનગર અને રાધનપુર વિસ્તાર ના સંતોનું સંત ચિંતન સંમેલન નું આયોજન તારીખ ૨ /૧૦/ ૨૦૨૪ ને બુધવાર અડિયા દૂધેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં યોજાઈ રહ્યું છે .જેમાં કેન્દ્રીય માર્ગદર્શક મંડળ અને પ્રાંત માર્ગદર્શક મંડળ જિલ્લા માર્ગદર્શક મંડળ ના સંતો અને ક્ષેત્ર પ્રાંત ના પદાધિકારીઓ પધારી રહ્યા છે .જેના અનુસંધાને આ સંમેલનમાં હિન્દુ સમાજની વર્તમાન સમસ્યાઓ ના નિરાકરણ માટે નું માર્ગદર્શન પૂરું પાડશે સમસ્યાઓના નિરાકરણ માટે સંત પદયાત્રા થાય ધર્માંતરણ અટકે સામાજિક સમરસતા થી સમાજ શુદ્ધઢ અને મજબૂત બને પરિવાર પ્રબોધન દ્વારા અને પ્રાચીન ધરોહર ના રક્ષણ થકી સનાતન સંસ્કૃતિના માન બિંદુઓ નું પણ રક્ષણ થાય જેવા વિષયોને લઈને સંત ચિંતન સંમેલન યોજાઇ રહ્યું છે

## શેઠ એમ. એન. હાઇસ્કુલ, પાટણ ના વિદ્યાર્થી પટેલ જોર્ક ની ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ કલબ આયોજિત રાષ્ટ્ર કક્ષાએ ભાગ લેવા જવા માટે પસંદગી

ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ કલબ અને ગિરનાર પબ્લિક સ્કૂલ જુનાગઢ ના સયુંકત ઉપક્રમે આયોજિત ૧૮મો ગુજરાત રાજ્ય ગણિત મહોત્સવ ગિરનાર પબ્લિક સ્કૂલ જુનાગઢ ખાતે યોજાઇ ગયો.

રાજ્ય કક્ષાના આ ગણિત મહોત્સવ માં સમગ્ર રાજયમાંથી ૨૨ જિલ્લાઓમાંથી ૪૫૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ગણિત મહોત્સવમાં ગણિતના મોડેલ, ગણિત પઝલ્સ, ટીચર ઇનોવેશન પ્રેઝન્ટેશન, રોલ પ્લે, ભૌમિતિક આકારનું ચિત્રકામ, ગણિત ક્વિઝ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.

ઉત્તર ગુજરાત યુવક મંડળ સંચાલિત, ★શેઠ એમ એન હાઈસ્કુલ★ , પાટણના વિદ્યાર્થીઓ પટેલ જોર્ક વિકાસભાઈ એ રોલ પ્લે સ્પર્ધામાં, પટેલ કર્મ દિનેશભાઈ અને રાવળ ઋષિ પ્રકાશભાઈ એ ગણિત મોડેલ સ્પર્ધામાં તેમજ પટેલ તક્ષ રાહુલભાઈએ ભૌમિતિક ચિત્રકામમાં આ રાજયકક્ષાના ગણિત મહોત્સવમાં શાળાના મદદનીશ શિક્ષક ડૉ. અલ્પેશભાઈ પટેલ તેમજ ઉત્સાહી આચાર્યશ્રી ધનરાજભાઈ ઠક્કર ના માર્ગદર્શન તળે ગિરનાર પબ્લિક સ્કૂલ જુનાગઢ ખાતે ભાગ લીધો હતો.

આ રાજયકક્ષાના ગણિત મહોત્સવમાં શેઠ એમ. એન. હાઈસ્કુલનો ધોરણ ૧૦ઝ નો વિદ્યાર્થી ★પટેલ જોર્ક વિકાસભાઈ એ ગણિતજ્ઞ આર્યભટ્ટ નો રોલ પ્લે કરી સમગ્ર રાજયમાં દ્વિતીય ક્રમ મેળવ્યો★ આ સિદ્ધિ બદલ તેને ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યો. જે હવે અકોલા (મહારાષ્ટ્ર) ખાતે યોજાનાર રાષ્ટ્ર કક્ષાએ ભાગ લેવા જશે.

આ ઉપરાંત આ ગણિત મહોત્સવમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પટેલ કર્મ દિનેશભાઈ, રાવળ ઋષિલ પ્રકાશભાઈ તથા પટેલ તક્ષ રાહુલભાઈએ પણ રાજય કક્ષાના આ ગણિત મહોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું તે બદલ તેમને પણ સિલ્વર મેડલ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

આ ગણિત મહોત્સવમાં ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ કલબ ના ચેરમેન ડૉ. ચંદ્રમોલી જોશી સર, મેથ્સ ગુરુ



## ઓલ ઇન્ડિયા રામાનુજન મેથ્સ કલબ આયોજિત રાજ્ય કક્ષાના ગણિત મહોત્સવમાં શેઠ એમ એન હાઇસ્કુલનો વિદ્યાર્થી પટેલ જોર્ક ગોલ્ડ મેડલ થી સન્માનિત

ઓફ ઈન્ડિયા ડૉ. બી.એન.રાવ સર, ભારતીય ખગોળશાસ્ત્રી ડૉ.જે. જે. રાવલ સર, દ્રઝઈઈ્ ડાયરેક્ટર ડૉ. એમ એમ સોલંકી સર, ઈસરોના ભૂતપૂર્વ સિનિયર સાયન્ટિસ્ટ ડૉ. ભરતભાઈ ચનિયારા સર, ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ કલ્પેશભાઈ અખાણી તથા ગુજરાત સ્ટેટ સેક્રેટરી દર્શનભાઈ મહેતાએ ખાસ હાજર રહી ભાગ લેનાર તમામ ગણિતજ્ઞો ને પ્રોત્સાહિત કર્યા હતા.

ભાગ લઈ વિજેતા બનનાર તમામ વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષક ભાઈ શ્રી ડૉ .અલ્પેશભાઈ પટેલે ઉત્તર ગુજરાત યુવક મંડળ, શાળા શેઠ એમ એન હાઈસ્કુલ તથા સમગ્ર પાટણ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે તે બદલ

ઉત્તર ગુજરાત યુવક મંડળ ના પ્રમુખ ડો.જે. કે. પટેલ સર, મંત્રી મનસુખભાઈ પટેલ સર, સંચાલક મંડળ ના તમામ સદસ્યો, શાળા ના ઉત્સાહી આચાર્ય શ્રી ધનરાજ ભાઈ ઠક્કર તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા ઢેર સારી શુભકામનાઓ સહ ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ બાળકો રાષ્ટ્ર કક્ષાએ પણ વિજેતા બને તેવી હાર્દિક શુભકામનાઓ...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.